# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

Ref no. PN 2025-26/073 Dt. 28/07/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા હેલ્થ સિરીઝ અંતર્ગત શું હરસ – મસા – ભગંદરને અટકાવી શકાય છે? વિષે અવેરનેસ સેમિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા હેલ્થ સિરીઝ અંતર્ગત રવિવાર, તા. ૨૭ જુલાઇ ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે શું હરસ – મસા – ભગંદરને અટકાવી શકાય છે? વિષય પર અવેરનેસ સેમિનાર યોજાયો હતો, જેમાં લેપ્રોસ્કોપિક સર્જન એન્ડ બર્ન સ્પેશ્યાલિસ્ટ ડો. અમુલખ સવાણીએ હરસ, મસા અને ભગંદર જેવા રોગો વિશે વિગતવાર માહિતી આપી તેના લક્ષણો, કારણો, જીવનશૈલીમાં જરૂરી ફેરફારો અને નવીન સારવાર પદ્ધતિઓ અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, પહેલું સુખ તે જાતે નર્યા. શરીર સ્વસ્થ અને તંદુરસ્ત રહેશે તો જીવનમાં તમામ ક્ષેત્રે સફળતા શક્ય બને છે. આજે મેડિકલ સાયન્સ ખૂબ આગળ વધી ગયું છે અને તેના કારણે અનેક જટિલ માનવામાં આવતા રોગો હવે સરળ સારવારથી નિયંત્રિત અને અટકાવી શકાય છે. ઉદ્યોગકારો અને સભ્યો માટે આરોગ્ય અંગે જાગૃતિ લાવવા ચેમ્બર દ્વારા આવા હેલ્થ સેમિનારોનું આયોજન કરવામાં આવી રહયું છે.

લેપ્રોસ્કોપિક સર્જન એન્ડ બર્ન સ્પેશ્યાલિસ્ટ ડો. અમુલખ સવાણીએ જણાવ્યું હતું કે, હરસ, મસા અને ભગંદર જેવા રોગો ઘણા સમય સુધી અવગણવાના કારણે વધુ ગંભીર સ્વરૂપ ધારણ કરી લે છે. લોકોમાં હજુ પણ આ રોગોને

લઈને શરમ કે ભય હોય છે, જેના કારણે તેઓ સમયસર ડોકટરની પાસે પહોંચતા નથી. આ રોગો માટે આજે ઉપલબ્ધ લેટેસ્ટ ટ્રિટમેન્ટસ, ખાસ કરીને લેઝર તથા લેપ્રોસ્કોપિક પદ્ધતિઓ વધુ સુરક્ષિત અને ઝડપી આરોગ્યલાભ આપતી સાબિત થઈ રહી છે. જીવનશૈલીમાં સુધારા અને સમયસર સારવાર દ્વારા આ રોગો સરળતાથી અટકાવી પણ શકાય છે. તેમણે સંભવિત જોખમો, ખોરાક અને રોજિંદા જીવનમાં પાલન કરવાના નિયમો વિષે પણ વિસ્તૃત સમજ આપી હતી.

ઇન્ટરનલ પાઇલ્સ એવી હેમોરોઇડસ છે જે મલદ્વારની અંદર રહે છે. તેમાં મોટાભાગે આરંભમાં દુઃખાવો થતો નથી પણ મલદ્વારથી રકતસ્ત્રાવ થવો તેનું મુખ્ય લક્ષણ હોય છે. ઘણીવાર દર્દીને એ ખબર પણ ન પડે કે તેને પાઇલ્સ છે, કારણ કે તે દુઃખરહિત હોય છે. એક્ષ્ટર્નલ પાઇલ્સ મલદ્વારની બહારની બાજુ રહે છે અને સામાન્ય રીતે દુઃખાવા, સોજો અને કયારેક કોથળા જેવી ગાંઠ સાથે દેખાઈ આવે છે. આ પ્રકારની પાઇલ્સમાં દુઃખાવાની તિવ્રતા વધુ હોય છે અને બેસવામાં તકલીફ થાય છે. બંને પ્રકારની પાઇલ્સનું યોગ્ય નિદાન અને સમયસર સારવાર અત્યંત જરૂરી છે.

ચેમ્બરની પબ્લીક હેલ્થ કમિટીના ચેરપર્સન ડો. પારૂલ વડગામાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. પબ્લીક હેલ્થ કમિટીના કો–ચેરમેન ડો. જગદિશ વઘાસિયાએ વકતાનો પરિચય આપ્યો હતો. જ્યારે કમિટીના કો–ચેરમેન ડો. નિખિલ વઘાસિયાએ કાર્યક્રમનું સંચાલન કરી સર્વેનો આભાર માન્યો હતો. લેપ્રોસ્કોપિક સર્જન એન્ડ બર્ન સ્પેશ્યાલિસ્ટ ડો. અમુલખ સવાણીએ ઉપસ્થિત લોકોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.